# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

પ્રભાવી પ્રદર્શનથી વિશ્વમાં ગવાઇ જાવું છે,
એક હથ્થુ સત્તાથી દેશમાં સવાઇ થાવું છે,
ભવાઇનું જોવું છે જોણું કોંગ્રેસ-સોનિયાનું
વિશ્વ, રાષ્ટ્ર, પક્ષ ને સંઘમાં છવાઇ જાવું છે

## હાઇકુ

'રીંગણ વાડી'
'લઉં બે ચાર?' - લેને
તેંત્રીસ ટકા..
(મહિલા મુખ્ય પ્રધાન)

'ચિનાઇ' માટી,
- છે નામની અસર?!
વેટ ના ચોર..
(સિરામિક-કરોડોની વેટચોરી)

## ચિંતન

**દુષ્ટેરપિ નિજૈરેવ પ્રાવૃતં સર્વમુત્તમમ્ । વરં જીણાસ્વરં વાપિ હદે કર્પટ મર્હતિ ॥**

'પોતાના ઘરમાં જ જો કોઇ દુષ્ટ સ્વભાવનું હોય તો પણ તેમનું કોઇ પણ કાર્ય-આચરણ-વાણી વર્તન જે કંઇ-જેવું કંઇ થાય, તે આપણને તો ઉત્તમ જ લાગે છે. ગમે છે - સારું અને સાચું જ લાગે છે. જેમ આપણે ઘણાં સમયથી જે વસ્ત્ર પહેર્યું હોય - તેના પ્રત્યે આપણને એકજાતનો લગાવ થઇ જાય છે પછી તે ફાટી-તૂટી જીર્ણ થઇ જાય છતાં આપણી કાયા ઢંકાય છે અને આપણને ગમે છે જો કે બજારમાં - દૂકાને તો તેની કિંમત ચીંથરાં-ગાભાથી વિશેષ નથી.'

દુર્યોધન ખરેખર અપ્રામાણિક અને જુઠ્ઠો હતો. અન્યાયી હતો વિદુરજી એ સ્પષ્ટ સમજ સાથે ધૃતરાષ્ટ્રને કહેતા પણ હતા પણ ઘરનું સભ્ય અને પિતૃત્વની લાગણીને કારણે ધૃતરાષ્ટ્રને દુર્યોધનના દોષ દેખાતા ન હતા.

આપણા ઘરમાં નજીકમાં જ કોઇ કુટુંબી આવો જુઠ્ઠો-અન્યાયી-દંભી-સ્વભાવ-આચરણ કરતો હોય તો પણ એને કોઇ રોક-ટોક કરતું નથી. આશારામના કાર્યમાં પુત્ર-પત્ની-પુત્રી બધાં જ સહયોગી થતાં ન હતા?!

## સુવિચાર

- મોત કેરા નામથી ગભરાઉં એવો નથી, બીકથી વહેવાર ચૂકી જાઉં એવો નથી, જાન દીધો છે ખુદાએ ચાર દી'માટે ઉધાર, એને પાછો સોંપતા અચકાઉં એવો નથી **- ઉમર ખય્યામ**
- તમે કોઇ લક્ષ્ય નક્કી ન કરી શકો કે નવું સ્વપ્ન જોઇ ન શકો એટલા ઘરડા કદી નથી થતાં **- ટોલસ્ટોય**
- માઠા સમાચાર : તમારું જીવન ક્યારેય પરફેક્ટ રહેવાનું નથી... સારા સમાચાર : ખુશ રહેવા માટે તમારે પરફેક્ટ જીવનની કોઇ જરૂર નથી **- ચિત્રલેખા**
- જીંદગીમાં તકલીફો આવતાં નકામી પ્રવૃત્તિઓ ઘટી જાય છે.. અને લોકો એવું સમજે છે કે પોતે હોંશિયાર થઇ ગયા છે **- એસ. ભટ્ટાચાર્ય**
- જેની કોઇ ઉપમા ન આપી શકાય તેનું નામ 'મા'.. જેને કોઇ સીમા નથી તેનું નામ 'મા', જેના પ્રેમને કોઇ પાનખર ન નડી હોય તેનું નામ 'મા'.. આવી ફક્ત ત્રણ મા છે.. પરમાત્મા, મહાત્મા અને 'મા'.. **- અખંડ આનંદ**
- જે સૌંદર્યમાં ભોળપણ ન હોય તે બનાવટી સૌંદર્ય છે **- રજનીશ**
- તમારો પ્રેમ એ જ ઇશ્વરને ધરાવાયેલો સર્વશ્રેષ્ઠ નૈવેદ્ય છે **- સ્વામિ વિવેકાનંદ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

ધર્મ એટલે શું? રામચરિતમાં તુલસીદાસજી કહે છે 'પરહિત સરિસ ધરમ નહિ ભાઇ.' અને કબીરજી પણ આ વાતને પુષ્ટિ આપતાં કહે છે, કબીર કહે કમાલ કુ, દો બાતાં શીખ લે, કર સાહિબ કી બંદગી, ભૂખે કો અન્ન દે ॥

ચીનના રાજા એ, ચીનના ચિંતક-કન્ફ્યુશિયસને પુછ્યું - સૌથી મહાન માણસ કોણ? મને એની પાસે લઇ જા!

કન્ફ્યુશિયસ કહે - જેને સત્ય શોધવાની ઉત્કંઠા જાગી છે તે મહાન-આપ જ મહાન છો.

રાજા કહે તો મારાથી પણ જે મહાન હોય તેની પાસે લઇ જા! કન્ફ્યુશિયસ કહે - એને માટે પણ બહુ દૂર જવાની જરૂર નથી જે સત્યને ચાહે છે તે સત્ય જાણવાની ઉત્કંઠાવાળા માણસથી પણ મહાન છે, હું સત્યને જ ચાહું છું...

રાજા કહે તારાથી અને મારાથી પણ વધારે ધર્મ ને જાણતો હોય તેની પાસે લઇ જા!

કોન્ફ્યુશિયસે - રાજાને એક વૃદ્ધ જે કૂવા ખોદતો હતો એ દૂરથી બતાવ્યો. કહ્યું, 'જે પરોપકાર માટે પરિશ્રમ કરે છે તે સૌથી મહાન છે.'

Email - sureshchandrabhatt18@gmail.com

# પુરૂષાર્થી માનવી ક્યાંય નિષ્ફળ જતો નથી, સફળતાના પગથિયાં જો પૂર્ણ - શ્રદ્ધાપૂર્વક ચડાય તો ઉન્નતિની ટોચે પહોંચવામાં વાર ન લાગે

## સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

ભવાનીશંકરૌ વન્દે શ્રદ્ધા વિશ્વાસ રૂપિણૌ ।
પામ્યાં વિના ન પશ્યન્તિ સિદ્ધાઃ સ્વાન્યસ્ય ઇશ્વરઃ ॥

'શ્રદ્ધા અને વિશ્વાસના પ્રતિક સમાન માતા ભવાની તથા ભગવાન શિવને વંદન કરું છું જેની કૃપા વિના સિદ્ધ પુરૂષો પણ પોતાના હૃદયમાં રહેલા પરમ તત્ત્વ પરમાત્માના દર્શન નથી પામતા'

રામચરિતમાનસ - મંગલાચરણ - શ્લોક-૨

સંત તુલસીદાસ ચરિત ગ્રંથ - રામચરિત માનસ
ના મંગળાચરણનો આ બીજો મંત્ર છે. પ્રથમ મંત્રમાં તો 'વન્દે વાણી-વિનાયકો' કહી સરસ્વતી તથા ગણપતિની વંદના કરી છે. ગણપતિ એ જ્ઞાનના દેવ, સિદ્ધિના સ્વામી છે. જયારે સરસ્વતી એ વાણીની દેવી છે. ઉત્તમ અભિવ્યક્તિ માટે આ બંનેની જરૂર પડે છે. જ્ઞાન હોય પણ તે યોગ્ય વાણીમાં અભિવ્યક્ત ન થાય, જ્ઞાનને પ્રવાહિત કરવા જરૂરી એવી સુસંસ્કૃત ભાષા ન હોય, તો મનમાં સંઘરાઇ પડેલું જ્ઞાન સમાજ માટે તો નકામું જ. તેવી રીતે વાણી મધુર હોય, શબ્દો શોધી-શોધીને પ્રયોજ્યા હોય, વાક્યો ભારેખમ બનાવ્યા હોય, પણ તેની પાછળ જો સ્વાનુભવનું જ્ઞાન ન હોય તો, તેવી વાણીની અસર ઊંડાણમાં મનપર પડતી નથી. પ્રભાવક વાણી માટે ઊંડી અનુભૂતિ - વિશાળ અનુભવ તથા સારાસાર વિવેક અતિ મહ્ત્વની બાબતો છે. સાર્થક વાણી માટે ભાષાનો વિવેક જાળવવો જોઇએ.

પ્રાચીન તથા મધ્યકાલીન સર્જકો ગ્રંથના પ્રારંભમાં મંગલા - ચરણ કરતા. જેમાં સરસ્વતી તથા ગણપતિની અલગ અલગ શ્લોકમાં વંદના કરાતી. તુલસીદાસે તો 'વાણી વિનાયકો' કહી એક જ શ્લોકમાં કામ નિપટાવી દીધું. આમ કરવા પાછળ વિશિષ્ટ - દર્શન કારણભૂલ છે. ગ્રંથનો બિનજરૂરી વિસ્તાર ન થાય તે તો ખરૂં સાથે પછીના શ્લોકમાં જીવનના પાયારૂપ બે તત્ત્વોને પણ સાથે જ મુકવાનું અનુસંધાન પણ જળવાય રહે. આ બે તત્ત્વો તે શ્રદ્ધા અને વિશ્વાસ - જેને તુલસીદાસે માતા ભવાની તથા શંકર સમાન ગણ્યા છે. જેમાં માતા ભવાનીએ શ્રદ્ધાનું પ્રતિક છે. જયારે શિવ એ વિશ્વાસનું પ્રતિક છે. 'શ્રદ્ધા વિશ્વાસ રપિર્ણે' કહી ભવાની તથા શંકરને વંદન કર્યા છે. મહાકવિ કાલીદાસે પણ 'જગત પિતરૌ વન્દે પાર્વતી - પરમેશ્વરો' કહી, વાણી તથા અર્થના સાયુજ્ય દર્શાવી સાર્થક વાણીને શિવપાર્વતી જેવું મહત્વ આપ્યું છે. શ્રદ્ધા તથા વિશ્વાસ પણ અભિન્ન તત્વો છે. આ બંને સંયુક્ત રહેવા માટે સર્જાયા છે. તેથી બંનેનો પતિ-પત્નીનો સંબંધ કલ્પ્યો છે. એક વિના બીજું અધુરું લાગે. સાથે હોય ત્યારે જ પૂર્ણતાનો અનુભવ થાય.

સામાન્યતઃ આપણે આ બંને શબ્દોને સમાનાર્થી જ ગણીએ છીએ. અને તે પ્રમાણે વ્યવહારમાં વાતો પણ કરીએ છીએ. પરંતુ આ બંને પર્યાયી નથી બંને વચ્ચે સૂક્ષ્મ અર્થચ્છાયા ભેદ છે. તેનો ખ્યાલ તો સંતોએ કરેલા અર્થઘટનો તપાસીએ તોજ આવે. સંતોના અભિપ્રાયો વધારે યોગ્ય તથા સાત્ત્વિક હોય છે તેથી તેનો સ્વીકાર થાય છે.

પૂ. મોરારિ બાપુ આ બંને વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરતા કહે છે કે, 'વિશ્વાસ' તેને કહેવાય જેમાં વધઘટ ન થાય. તે એકધારો રહે - સમય પ્રમાણે તેમાં ફેરફાર ન થાય. એક વખત વિશ્વાસ બેસી ગયો તો બેસી ગોય. પછી તેનો ભંગ ભાગ્યે જ થાય, જયારે શ્રદ્ધામાં વધઘટ થયા કરે.' કોઇ પણ વ્યક્તિ કે જગ્યા પરત્વેની આપણી શ્રદ્ધા કાયમ માટે સમાન કક્ષાએ નથી રહેતી જુદી પડતી વાતો સાંભળતા શ્રધ્ધા ડરી જાય ને કયારેક તો સાવ ઉડી પણ જાય. શ્રદ્ધાને ઝરણા કે નદી સાથે સરખાવી શકાય. તેમાં સમયપર પૂર પણ આવે તો કાળરૂપે કાંકરા પણ ઊડે. જયારે વિશ્વાસ ભરેલા સરવર જેવા કે સમુદ્ર જેવો છે.

વળી વિશ્વાસ સદૈવ સજાગ હોય છે. કારણ જયાં વિશ્વાસ મૂક્યો હોય ત્યાં પ્રથમ ચકાસણી કરેલી હોય, વિશ્વાસ બરાબર જોઇ - વિચારીને જ મુકવામાં આવે છે. વિશ્વાસ મનની ઊંડી સમજણ ધરાવે છે. જયારે શ્રદ્ધા મોટા ભાગે વાતો પર આધાર રાખે છે. તેમાં ઊંડી સમજને બદલે ઉપરછલ્લી ઉતાવળ હોય છે. શ્રદ્ધાને અંદ પણ કહેવામાં આવે છે. વ્યક્તિ ભણેલી હોય તો પણ અંધશ્રદ્ધાળુ હોઇ શકે. વિજ્ઞાન ભણેલ બહેનો પણ 'શિતળા માતા'ના મંદિરે જાય ને ટાઢું ખાય. દોરા લે ને બાધા આખડી રાખે. અંધશ્રધ્ધા કાયમ માટે હેરાન કરે છે. આપણી માન્યતાના પડઘા ને પડછાયા કાયમ શ્રદ્ધાના ક્ષેત્રમાં પડે છે. વિસ્વાસ ને તો ભગવાન શિવ સમાન ગણ્યો છે. શિવનું એક નામ 'સ્થાણુ' છે. જે વિશ્વાસનો ગુણ છે જયારે શ્રદ્ધા તો ફરતી રહે છે. શ્રદ્ધા ક્યારે બેસે કેમ ઊડી જાય ને પાછી ક્યાં બેસે તે ન કહેવાય. વિશ્વાસનો સંબંધ લાગણી કે ભાવના સાથે છે. જયારે શ્રદ્ધા માત્ર માનસિક વલણ છે. લાગણી તથા વિચાર જેવો સંબંધ પણ આ બંને માટે વિચારી શકાય. કારણ ભાવના કે લાગણી હૃદયના ઊંડાણમાંથી પ્રગટ થાય છે. જયારે વિચારોનો પ્રવાહ માનસિક સ્તરે સતત વહેતો રહે છે.

આપ શ્રદ્ધા તથા વિશ્વાસમાં સંતની દૃષ્ટિએ ઘણાં તફાવતો છે. તફાવતો હોવા છતાં માનવ જીવન માટે બંને અનિવાર્ય છે. એક હોય અને બીજું ન હોય તો જીવન અધુરૂં લાગે. બંનેનું પતિ-પત્ની જેમ પૂર્ણ અદ્વૈત વડે જ જીવન ભર્યું ભર્યું લાગે છે. પત્નીને પતિમાં વિશ્વાસ છે તો પતિને પત્નીમાં શ્રદ્ધા હોય છે. એકનો પણ અભા જીવનમાં સાલે છે. વિશ્વાસ રાખ્યા સિવાય જીવન - નૌકા જરા પણ આગળ ન ચાલે. શ્રદ્ધા કે વિશ્વાસના અભાવે આપણે જીવનનું પરમ લક્ષ્ય ચુકી જઇએ છીએ. તુલસીદાસજીએ તો સ્પષ્ટ કહ્યું, બંનેના અભાવે સિદ્ધ પુરૂષો પણ પરમાત્માના દર્શન નથી પામી શકતા. ભગવાનનો સાક્ષાત્કાર પામવાની ઇચ્છા હોય તો ભગવાન છે એ વિશ્વાસ હોવો જોઇએ અને તેને પ્રાપ્ત કરવાના પોતાના પ્રયત્નોમાં શ્રદ્ધા રાખવી જોઇએ. સાધકને જે ફળ પ્રાપ્ત કરવું છે તે માટે જો શ્રદ્ધા ન હોય. પોતાના ગુરૂ પર વિશ્વાસ ન હોય મનમાં વારંવાર સંશય તથા શંકા જાગતા હોય તો બાહ્ય સાધના ગમે તેવી કડક હોય. પરિણામ કાયમ શૂન્યમાં આવે છે... શ્રીમદ ભગવદ્ ગીતા પ્રમાણે તો સંશયાત્માનો વિનાશ થાય છે. જયારે શ્રદ્ધાવાન જ પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે. ઉપનિષદોમાં કહ્યું છે શ્રદ્ધા વિના કરાયેલું સત્કર્મ પણ ફળથું નથી જયારે શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક કરાયેલું કર્મ વધારે હિતકારક હોય છે.

આપણે પુરૂષાર્થની પ્રાપ્તિ માટે પણ આ બંનેનું મહત્ત્વ છે. મનમાં ઊઠતાં સંશયો પુરૂષાર્થ મારફત જ નષ્ટ થાય છે. પુરૂષાર્થી માનવી ક્યાંય નિષ્ફળ જતો નથી. સફળતાના પગથિયાં જો પૂર્ણ - શ્રદ્ધાપૂર્વક ચડાય તો ઉન્નતિની ટોચે પહોંચવામાં વાર ન લાગે. પરંતુ આધુનિક જીવનનું મોટું દૂષણ આત્મ-વિશ્વાસનો અભાવ છે. આપણા દૈનિક - જીવનના કાર્યક્રમમાં વિશ્વાસ ખૂટે છે. ચિત્ત માત્ર તરંગોમાં રાચતું હોય છે પણ યોગ્ય રાતે મનને કેળવણી પ્રાપ્ત થતી નથી. સમાજમાં ઊભી થતી ખટપટો, વેર-ભાવનાઓ અને દુશ્માવટ એ તો આંતરિક રીતે વિશ્વાસનો અભાવ જ સૂચવે છે. કોમકોમ વચ્ચે ઊભા થઇ ગયેલા અવિશ્વાસના વાતાવરણને ડહોળવાનું કામ ચાલે છે. પણ સુધરવાનું કામ થતું નથી. શિક્ષણ પણ એટલું કાચું પડે છે કે યુવાનોમાં આત્મશ્રદ્ધા નથી જગાડી શકાતું. જો ભાવિ પેઢીઓને સાવ સલામત સુખ-પૂર્વક રહેવું હોય તો એકબાજુ સમાજમાં અને સાથોસાથ વ્યક્તિગત શ્રદ્ધા અને વિશ્વાસનું પ્રસ્થાપન કરવું જરૂરી છે અને જે વ્યક્તિ આ ધરાવે છે તે જ તેનું સ્થાપન કરી શકે. વિશ્વાસ તથા શ્રદ્ધા તો દિવાની જયોત છે. જેની હાજરી જ સર્વત્ર પ્રકાશ ફેલાવે છે.

# મેડમ, આખી જિંદગી મેં મિત્રતા પણ ગણતરીપૂર્વક કરી છે, મને કામ ન આવે એવા કોઈની પણ સાથે મેં સમય નથી બગાડ્યો, અંતે તો જિંદગી એક નિષ્ઠુર હરીફાઈ જ છે ને! મારું દરેક પગલું સફળતાની સીડીમાં મને એક પગથિયું ઉપર લઈ જનારું હોવું જોઈએ

## ઝાંઝવાં
## માણસાઇની થાપણ

- સુધા મૂર્તિ

વિષ્ણુ એ કૉલેજ પ્રાધ્યાપક તરીકેના મારા સૌથી પહેલાં બેચનો એક તેજસ્વી અને મહત્ત્વાકાંક્ષી વિદ્યાર્થી. અમારો સંબંધ બીજા કરતાં વધારે નજીકનો. એ દેખાવમાં કામણગારો, વાતોમાં બોલકણો અને વિચારમાં સ્પષ્ટ.

કૉલેજના અલગ-અલગ મુદ્દાઓ ઉપર અમે બંને લાંબી અને ગરમાગરમ ચર્ચા કરતાં અને અનેક મુદ્દા પરથી અમારી અસહમતી વિશે અમે સંમત હતા. હું વિષ્ણુને કહેતી, 'મેં તારા કરતાં ઘણી દિવાળી વધુ જોઈ છે. જીવનના બહોળા અનુભવ પરથી હું તને ચોક્કસ કહીશ કે સિદ્ધિઓ, ઈનામો, પદવીઓ કે પૈસાથીય વધારે અગત્યના છે સારા સંબંધો કરૂણા અને મનની શાંતિ.'

વિષ્ણુ સામી દલીલ કરતો, 'મૅડમ, આ બધા ભર્યા પેટના ચાળા કહેવાય. તમને જિંદગીમાં બધું મળી ગયું છે ને તમે સુખ-સમૃદ્ધ છો એટલે તમે આવું બોલીશકો છો. ઘણાંય ઈનામો અને સન્માન પણ તમને મળી ચૂક્યા છે, એટલે તમને એની ખેવના નથી. મારા જેવા લોકો તમને ક્યારેય નહીં સમજાય.' આવા સમયે મોટે ભાગે હું એની સામે હસી લેતી. એની આ નિખાલસતા મને ગમતી.

ભણાવવામાં પણ વિષ્ણુ ઘણો હોંશિયાર. ડિગ્રી પૂરી થયા પછી એને માઈક્રોસોફ્ટ, સીએટલ, યુએસએમાં ખૂબ સારી નોકરી મળી ગઈ. એ એના વિઝાની રાહ જોતો હતો, ત્યાં સુધી મેં એને મારી કૉલેજમાં ભણાવવા આવવાનું કહ્યું, જયારે પણ હું લેબોરેટરીના વર્ગો ન લઈ શકતી ત્યારે મારી અવેજીમાં હું એને મોકલતી. વિદ્યાર્થીઓનો પણ એ ચહીતો થઈ ગયો હતો.

'તું ખૂબ સરસ ભણાવે છે, તો ગંભીરતાપૂર્વક એક સારા અધ્યાપક બનવાનું તું કેમ નથી વિચારતો?' મેં વિષ્ણુને પુછ્યું.

'અમેરિકાનો મારો એક મહિનાનો પગાર એક શિક્ષકના આખા વર્ષના પગાર જેટલો છે. તો મારે પ્રાધ્યાપક શા માટે બનવું જોઈએ?'

'વિષ્ણુ, આટલી બધી ઉદ્ધતાઈ સારી નહીં. એક શિક્ષકનો આદર એના પગારને લીધે નહીં, એના જ્ઞાન અને એના ભણાવવાને લીધે હોય છે. શિક્ષકના વ્યવસાયને તું માન ન આપે તો કાંઈ નહીં, પણ તારે આવી સરખામણી ન કરવી જોઈએ.'

બસ, પછી તરતમાં જ વિષ્ણુએ એનાં નવા કાર્ય માટે દેશ છોડ્યો.

ઘણા વર્ષો, લગભગ એક દસકો પસાર થઈ ગયો. મારા તે વખતના યુવાન વિદ્યાર્થીઓ હવે મધ્યવયે પહોંચ્યા હતા ને હું મધ્યમવયથી વૃદ્ધાવસ્થાએ...

એક દિવસ મારી મદદનીશે આવીને કહ્યું કે કોઈ વિષ્ણુ મને મળવા માગે છે. અત્યાર સુધીમાં તો હું ઘણાય વિષ્ણુને મળી હતી, એટલે એ તરત ધ્યાનમાં ન આવ્યો. મારી મદદનીશે ઓળખાણ આપી કે તમારા પહેલાં બેચનો એ વિદ્યાર્થી... હું એ જ પળે ઓળખી ગઈ ને એને મળવાનું ગોઠવ્યું. આમેય જૂની વાઈન, જૂની યાદો અને જૂના વિદ્યાર્થીઓ જીવનમાં મહામૂલા હોય છે!

મુલાકાતના દિવસે વિષ્ણુ એકદમ સમયસર આવી ગયો. એના વાળ પહેલાં કરતાં ઘટી ગયા હતા ને સફેદ થવા માંડ્યા હતા અને એનું શરીર ખાસ્સું વળી ગયું હતું. એણે મોંઘુંદાટ શર્ટ અને પ્લેટિનમની હીરાની વીંટી પહેલી હતી, પણ અફસોસ! એનો ચહેરો એક સુક્કા ટામેટા જેટલો ફિક્કો થઈ ગયો હતો, ને ઉત્સાહનો એક છાંટો પણ એના પર નહોતો વર્તાતો. ઊલટાનું એના મોં પર ચિંતાની રેખાઓ હતી...

આવીને એ મારી સામે બેઠો. મેં એના માટે ચા મગાવી. વિષ્ણુએ મને જોઈને કહ્યું, 'મેમ, તમારી ઉંમર હવે ખરેખર દેખાય છે.'

હસીને હું જાણીતી કહેવત બોલી, 'સમય અને ભરતી કોઈની રાહ જોતાં નથી.' એ સામું ન હસ્યો. 'વિષ્ણુ, તું કેમ છે? પંદર વર્ષ થયાં તને મળ્યે. તારાં જૂના શિક્ષકને યાદ રાખીને મળવા આવ્યો એ સારું લાગ્યું. તું છે ક્યાં? હમણાં શું કરે છે? હજી માઈક્રોસોફ્ટમાં જ છે?'

'ના, મેડમ, માઈક્રોસોફ્ટ મેં ત્રણ વર્ષમાં છોડી દીધી.' એમે કહ્યું.

'એનો મતલબ, લોકો જે કહે છે કે એક જ સોફ્ટવેર કંપનીમાં જો કોઈ ત્રણ વર્ષથી વધુ ટકી જાય તો એ વફાદાર હોય, એ વાત ખોટી નથી લાગતી...!'

એણે મારી રમૂજની કોઈ પ્રતિક્રિયા ન આપી. 'તો પછી તું ક્યાં છો?' મેં ફરી પુછ્યું.

'સિંગાપોરમાં મારી પોતાની કંપની છે. બસો લોકો મારા હાથ નીચે કામ કરે છે. અમને સારો નફો છે.' વિષ્ણુના અવાજમાં મને એની સિદ્ધિના ગર્વનો એક રણકો સંભળાયો જે ખૂબ જ સ્વાભાવિક હતો.

'અચ્છા એટલે તું સિંગાપોરમાં ઠરીઠામ થયો છે.'

'ખરૂં જોતાં એમ પણ નથી. કામને લીધે હું અવારનવાર ભારત આવું છું. વસંતવિહાર, દિલ્હીમાં મારું એક મકાન છે. વરલી, મુબઈમાં એક ફલેટ, બેંગ્લોરમાં રાજમહેલ વિલાસમાં એક બંગલો, બન્નેરઘટ્ટા, રોડ પર એક વાડી...'

મારે એને અટકાવવો પડ્યો, 'વિષ્ણુ, મેં તારી મિલકત વિશે નથી પુછ્યું. હું આવકવેરા વિભાગમાં કામ નથી કરતી. હું તો માત્ર એ જાણવા માગતી હતી કે સામાન્ય રીતે તું ક્યાં રહે છે?' મેં એને હસાવવા ફરી પ્રયત્ન કર્યો, પણ એ ન હસ્યો.

'વિષ્ણુ, તેં મને તારી આર્થિક સંપત્તિ વિશે તો ઘણું જ કહ્યું, હવે મને તારા વિશે કહે, તું પરણ્યો? કેટલાં છોકરા છે? એ બધા શું કરે છે?' એક મા અને એક શિક્ષક પોતાનાં છોકરાઓને આવા પ્રશ્નો પૂછવાનો અધિકાર આપમેળે જ ભોગવી લેતી હોય છે ને હુંય અપવાદ નથી. કેટલાક લોકોને એમનાં વ્યક્તિગત જીવનને લગતા મારા આવા પ્રશ્નો સામે વાંધો હોય તો મને તરત અણસાર આવી જાય ને હું અટકી જાઉં, પણ મોટા ભાગના મને એમની વાતો આનંદથી કરતાં હોય છે.

'હાં, હું પરણ્યો છું. મારે આઠ વર્ષની એક દીકરી છે.'

વિષ્ણુએ એના પાકીટમાંથી એના કુટુંબનો એક ફોટો કાઢીને મને બતાવ્યો. કૉલેજમાં એ એનાથી પાછળના વર્ષની એક છોકરી ભાગ્યા સાથે ફરતો, પણ ફોટામાં એ નહોતી, એ ફોટાવાળી મોડેલ જેટલી આકર્ષક હતી ને એની દીકરી પણ જોતાં જ ગમી જાય એવી હતી.

એની જિંદગી મને એક સંપૂર્ણ ચિત્ર જેવી આદર્શ લાગી. એ સફળ હતો, શ્રીમંત હતો ને એની દેખાવડી મોડલ પત્નીને એક બાળકી હતા. બીજું જોઈએ શું જીવનમાં? આટઆટલું મેળવ્યા પછી તો એ ખૂબ ખુશ અને ઉત્સાહમાં હોવો જોઈએ, પણ એવું નહોતું, હું કારણ નહોતી જાણતી, પણ એટલું ચોક્કસ જાણતી હતી કે વિષ્ણુ જ મને એ કહેશે. હું બોલતી અટકી ને મેં વિષ્ણુને અવકાશ આપ્યો.

ધીમે ધીમે વિષ્ણુ ખૂલ્યો, 'મેડમ, મને મેક મુશ્કેલી છે ને એના વિશે મારે તમારી સાથે થોડી વાત કરવી છે.'

'કેવી મુશ્કેલી? ને તું એવું કેમ ધારે છે કે મારી પાસે એનો ઉકેલ હશે? ખરેખર તો તારા જેવી સફળ વ્યક્તિએ મારા જેવી એક વૃદ્ધ શિક્ષકની મદદ કરવી જોઈએ.' એનો તનાવ ઘટાડવા મેં મજાક કરી.

'સફળતા સાથે આને કોઈ લેવાદેવા નથી, મેડમ, છેલ્લાં કેટલાંક વર્ષોથી હું ખૂબ ઉદાસ રહું છું. જીવનમાં જાણે કશુંક ખૂટતું હોય એવું લાગ્યા કરે છે. હું એ તમને બરાબર સમજાવી નથી શકતો.' એણે કહ્યું, 'કોઈ કરતાં કોઈ બાબત મને આનંદ નથી આપતી. મારા દિલને કાંઈ સ્પર્શતું નથી. અરે, હૃદય વલોવી નાખે એવી ઘટના પણ નથી. મને એવું અનુભવાય છે જાણે હું રણનો મુસાફર હોઉં, પાણી વિના તરફડતો હોઉં ને આસપાસના રસ્તે સોનું-ચાંદી મઢ્યા હોય...'

મેં સીધું જ પુછ્યું કે જિંદગી માણવા હૃદય કરૂણામય હોવું જોઈએ. એ લોકોએ મને પુસ્તકો વાંચવા કહ્યું, સાથે-સાથે એમણે મને સૂર્યોદય જોવાની, પક્ષીઓને સાંભળવાની, દૂર સુધી ચાલવા જવાની, નિયમિત કસરત કરવાની અને આ બધી રીતે મનને આનંદમાં રાખવાની સલાહ આપી.

'બરાબર, પછી?'

'બધી પ્રવૃત્તિઓથી મારું વજન ઊતર્યું, પણ બીજો કોઈ ફાયદો ન થયો. હું ફરી એક માર્ગદર્શક પાસે ગયો. એણે મને સોમાલિયાના પ્રવાસે જવા કહ્યું,'

'કેમ સોમાલિયા?' સાંભળીને મને આશ્ચર્યું થયું, 'યુરોપ, હોંગકોંગ ને બેંગકોકના પ્રવાસની મને ખબર છે, પણ સોમાલિયાના પ્રવાસ વિશે મેં ક્યારેય સાંભળ્યું નથી. પછી? તું સોમાલિયા ગયો? ત્યાં તેં શું કર્યું?' હું આતુર હતી જાણવા માટે....

'ઓહ! એ લોકો અમને અનાથાશ્રમ, એચઆઈવી - એઈડ્સ અને નબળાઈ ને ભૂખમરાથી પીડાતા દર્દીઓ અને બાળકોની જુદી જુદી છાવણી જોવા લઈ ગયા. એનાથી પણ કાંઈ ન વળ્યું. મને કોઈ જાતની સંવેદના ન થઈ. મારું મગજ તો ઊલટાનું સોમાલિયા કઈ રીતે અમેરિકા કે બીજા રાષ્ટ્રોને નિકાસ કરી શકે, એ ગણતરીમાં વ્યસ્ત થઈ ગયું. મેડમ, મારી જગ્યાએ જો તમે હોત તો તમે શું કર્યું હોત?' એણે મને પ્રશ્ન કર્યો.

'તારાં સ્થાને મને ન મૂક. હું શું કરત એનો આધાર મારા ઉપર છે ને તારે એ જ કરવું જરૂરી પણ નથી. તું એક કામ કેમ નથી કરતો? તારી કોઈ બહુ પ્રિય વ્યક્તિ - તારો કોઈ ખાસ મિત્ર કે તારી પત્ની કે પછી તારી ઉંમરના કોઈની પણ સાથે તું વાર કર તો? કદાચ એ લોકો તને વધારે સારો ઉકેલ આપી શકે. આપણા બંને વચ્ચે ગમે તેય તોય એક આખી પેઢીનો તફાવત છે.'

એ ચૂપ હતો. હવે બોલ્યા, 'મેડમ, આખી જિંદગી મેં મિત્રતા પણ ગણતરીપૂર્વક કરી છે. મને કામ ન આવે એવા કોઈની પણ સાથે મેં સમય નથી બગાડ્યો. અંતે તો જિંદગી એક નિષ્ઠુર હરીફાઈ જ છે ને! મારું દરેક પગલું સફળતાની સીડીમાં મને એક પગથિયું ઉપર લઈ જનારું હોવું જોઈએ.'

હવે સમજાયું કે ભાગ્યાને સ્થાને એક મોડલ પત્ની કેમ આવી. મેં મનોમન વિચાર્યું. 'તારા પરિવાર સાથે તું કેટલો સમય ગાળે છે?' મેં પુછ્યું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# 'જો ભાઈ, બધાને ખબર છે અને બધાને તે જોડમાં જ હોય છે, એટલે ગામનું નામ ખરેખર તો બકુલા, ચારકુલા કે છ કુલા હોવું જોઈએ, પણ આ 'પંચકુલા' માં પંચ શબ્દ ક્યાંથી આવ્યો?

એક વખત સેક્ટર-૭ના શોપિંગ સેન્ટર આગળ મારો એક વખતનો કલાર્ક દત્તાત્રેય મળી ગયો. ઘણા વખતે મળ્યો એટલે સ્વાભાવિક છે કે ઘણી બધી વાતો કરી. પાછો તે ટીખરી ખરો.

એણે વાતવાતમાં જણાવ્યું કે, 'હું ટીમ લઇને પંચકુલા જાઉં છું.' મેં કીધું,

'તે તો ઘણું કરીને હરિયાણામાં છે ને?' તેણે હા પાડી. મેં પાછું કીધું, તું મારું એક કામ કરીશ?' તેણે હા પાડી એટલે મેં કહેવાનું શરૂ કર્યું, ત્યાં જઇને આ ગામના નામનો ઇતિહાસ જાણી લાવીશ?' તેણે સામું પુછ્યું, 'કેમ શું કામ છે? કાંઇક રીસર્ચ કરવું છે?'

'ના... ના... મારે ખાસ કામ તો કાંઇ નથી પણ જાણવા માટે!'

શું જાણવું છે?

જો ગામનું જે નામ છે તે જોતા લાગે છે કે કોઇને એક જ હશે! તે મતલબ સમજી ન શક્યો એટલે પુછ્યું, 'મતલબ'

## પંચકુલા
## નાની અમથી વાત (હાસ્ય-વ્યંગ)

લે. ભગદેવ ભટ્ટ 'હાસ્યાયન'

મેં હસતાં હસતાં કહ્યું, 'જો ભાઇ, બધાને ખબર છે અને બધાને તે જોડમાં જ હોય છે. એટલે ગામનું નામ ખરેખર તો બકુલા, ચારકુલા કે છ કુલા હોવું જોઇએ. પણ આ 'પંચકુલા' માં પંચ શબ્દ ક્યાંથી આવ્યો? કોઇકને તો એક હશે જ એટલે જ પંચકુલા પડ્યું હશે જેમાં બે જણને બેની જોડ હશે અને બાકીનાને એક, એમ પંચકુલા પડ્યું હોય એમ બને. તું તારે તપાસ કરજે ને તેમાંય 'એકવાળાનો 'ફોટોગ્રાફ' કપડાં સહિતનો મળે તો તેય લાવજે જેથી એકવાળો કેવો લાગે તેની બધાને ખબર પડે!

મારી વાત સાંભળી તે ખડખડાટ હસી પડ્યો.

● ● ●

સુરસુરિયું :

મને મારા એંગેન્જમન્ટની તારીખ બરાબરની યાદ રહી ગઇ છે. (આમ તો સૌને યાદ રહી જ જાય) પણ મારે બે વિશેષતા હતી. તેમાંથી (૧) તે તારીખ હતી ૨૭-૧-૭૨ આને ઊંધેથી વાંચશો તો ય એ જ તારીખ આવશે અને બીજી એ કે તે દિવસે 'બકરી ઇદ' હતી!!